ઉધના રેલવે સ્ટેશન પાસે રિક્ષા ટક્કરે યુવકનું મોત

સુરત: ઉધના રેલવે સ્ટેશન પાસે દુકાનદારની બાઈક રિક્ષા સાથે ટક્કર લાગતા ગંભીર ઇજાને પગલે બાઇક ચાલકનું મોત નીપજ્યું હતું. મૂળ મહારાષ્ટ્ર ધુલિયાના વતની અને હાલમાં લિંબાયતના આસપાસ નગરમાં રહેતા 39 વર્ષીય ભૂષણ દેવીદાસ પાટીલ ઉધના રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં.4 પર નાસ્તાની દુકાન ચલાવી પત્ની તેમજ બે પુત્ર સહિતના પરિવારોનું ભરણપોષણ કરતા હતા. સોમવારે રાત્રે ભૂષણ બાઈક પર ઘરે જવા નીકળ્યા હતા. ત્યારે ઉધના રેલવે સ્ટેશન પાસે તેઓની બાઈકની રિક્ષા સાથે ટક્કર લાગતા તેમનું મોત નીપજ્યું હતું.

ઇચ્છાપોરમાં ટ્રક અડફેટે સ્કૂટર સવાર આધેડનું મોત

સુરત: ઈચ્છાપોર ખાતે રિલાયન્સ કંપનીના ગેટ નં.2 પાસે ટ્રકચાલકે અડફેટે લેતાં સ્કૂટરસવાર આધેડનું મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલમાં ઈચ્છાપોર કવાસ ગામમાં આવેલા ભવાની મોહલ્લામાં રહેતા 55 વર્ષીય બદ્રીવિશાલ રામલોટન ત્રિપાઠી ખમણ વેચવાનું કામ કરી પત્ની તેમજ બે પુત્ર સહિતના પરિવારનું ભરણપોષણ કરતા હતા. સોમવારે સવારે બદ્રીવિશાલ સ્કૂટર પર કવાસ ગામથી જુનાગામ સ્કૂટર પર ખમણ વેચવા માટે જતા હતા. ત્યારે રિલાયન્સ કંપનીના ગેટ નં.2 પાસે ટ્રક ચાલકે બદ્રીવિશાલની સ્કૂટરને ટક્કર મારી તેઓને અડફેટે લેતાં તેમનું મોત નીપજ્યું હતું.

ઉછીના લીધેલા રૂ.53.57 લાખ પરત ન આપતા ફરિયાદ

સુરત: વરાછામાં 63 વર્ષીય વૃદ્ધ પાસેથી પુણાગામના આરોપીએ 53.57 લાખથી વધુની રકમ ઉછીના લીધી હતી, પરંતુ વર્ષો વીતી ગયા છતાં રૂપિયા પરત ન આપતાં વૃદ્ધે પોલીસનો સહારો લીધો છે. સરથાણા જકાતનાકા રોડ પર આવેલી આનંદપાર્ક સોસાયટીમાં નિવૃત્ત જીવન જીવી રહેલા 63 વર્ષીય પોપટભાઈ રણછોડભાઈ બુટાણીની ઓળખ હિરેન ઉર્ફે લાલો ધીરૂભાઈ નાકરાણી (રહે., શિવદર્શન સોસાયટી, વિભાગ-3, યોગીચોક, પુણાગામ) સાથે થઈ હતી. હિરેન નાકરાણીએ પોપટભાઈ પાસેથી વર્ષ 2017 અને 2018માં ટુકડે ટુકડે કરી કુલ રૂપિયા 53,57,400 હાથ ઉછીના લીધા હતા. પૈસા પરત આપવાની ખાતરી આપ્યા બાદ પણ આરોપીએ અવનવા બહાના બનાવી પોપટભાઈને ટાળતા રહ્યો હતો. આરોપીએ રૂપિયા પરત ન આપતા અંતે તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવતા વરાછા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. વરાછા પોલીસ હવે હિરેન નાકરાણીની શોધખોળ શરૂ કરી છે.

લિંબાયતના જુગારધામ પર SMCના દરોડા, 16 ઝડપાયા

સુરત: લિંબાયતમાં શિવાજીનગર વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાં ચાલી રહેલા જુગારધામ પર સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે દરોડો પાડી ૧૬ આરોપીની ઝડપી લીધા હતા. લિંબાયતના શિવાજીનગરમાં એક ખુલ્લા પ્લોટમાં ગત કેટલાક સમયથી જુગારધામ ચાલી રહ્યું હતું. આ માહિતી મળતાં સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે તુરંત દરોડો પાડ્યો હતો. તપાસ દરમ્યાન ટીમે સ્થળ પરથી રૂ.૫૮ હજાર રોકડા, ૧૩ મોબાઈલ ફોન અને બે વાહન સહિત કુલ્લે રૂ.૩.૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. દરોડામાં સુખદેવ હરીશ પાટીલ, નારાયણ તારાચંદ સિરસાઠ, જાવેદ અમીન શેખ સહિત કુલ ૧૬ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસના સૂત્રો અનુસાર, મુખ્ય આરોપી કૈલાશ ઉર્ફે જય માતાજી સુદામ પાટીલ હજુ ફરાર છે.

બાળકી પર દુષ્કર્મ કેસમાં આરોપીને આજીવન કેદ

સુરતમાં BNS-2023 હેઠળ પ્રથમ બળાત્કાર કેસમાં આરોપીને આજીવન કેદની સજા

સ્ત્રીઓની પૂજા થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે: કોર્ટ

સુરત : ભારતીય ન્યાય સંહિતા (BNS)-2023 અમલમાં આવ્યા બાદ સુરતમાં નોંધાયેલા પ્રથમ બળાત્કાર કેસમાં કોર્ટે પાંચ વર્ષની નાની બાળકી પર દુષ્કર્મ આચરનાર આરોપીને કોર્ટે આજીવન કેદની સખત સજા ફટકારી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ડિંડોલી વિસ્તારમાં 2 જુલાઈ 2024ના રોજ આરોપી સુરેશ ઉર્ફે સલમાન રામભાઉ ગોસ્વામી (ઉંમર 37 વર્ષ, રહે. નવાગામ, ડિંડોલી)એ પીડિત બાળકીને બિસ્કિટ આપવાના બહાને પોતાના ઘરે લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતું. બાળકી લોહીલુહાણ અને ડરેલી હાલતમાં મળી આવતા પરિવારજનોએ તેને છોડાવી અને પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી. કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. વધુમાં, પોક્સો એક્ટ હેઠળ 10,000 રૂપિયાનો દંડ અને દંડ ન ભરે તો વધુ 2 વર્ષની સાદી કેદની સજા પણ ફટકારવામાં આવી છે. કોર્ટે તેના ચુકાદામાં ભારતીય સંસ્કૃતિના મહત્ત્વ પર ભાર મૂક્યો હતા. તેમણે સંસ્કૃત શ્લોકનો ઉલ્લેખ કરીને કહ્યું કે, જ્યાં સ્ત્રીઓની પૂજા થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે. આ પ્રકારના ગુનાઓમાં કોઈ રહેમ કરી શકાય નહીં. જોકે, આરોપીનો કોઈ ગુનાહિત ભૂતકાળ ન હોવાથી અને કેસને "રેરેસ્ટ ઓફ રેર"માં ન ગણી શકાય તેમ હોવાથી મૃત્યુદંડ આપવામાં આવ્યો નથી.

પુણામાં ડુપ્લિકેટ કોસ્મેટિક્સની ફેક્ટરી ઝડપાઈ

સ્ત્રીના સૌંદર્ય સાથે પણ ઠગાઈ

હોલસેલમાં સસ્તા ક્રીમ, શેમ્પૂ, કોસ્મેટિક્સ ખરીદી મોંઘી બ્રાન્ડની બોટલો, ટીનમાં પેક કરાતા હતા

સસ્તો માલ બ્રાન્ડેડના નામે એમેઝોન, ફ્લિપકાર્ડ જેવા ઓનલાઈન પ્લેટફોર્મ પર મોંઘામાં વેચતા હતા, ત્રણેયની ધરપકડ

સુરત: શહેરમાંથી નકલી ઘી બનાવતી ફેક્ટરી પકડાયા પછી હવે પુણાગામમાં ડુપ્લિકેટ કોસ્મેટિકનો જંગી જથ્થો ઝડપાયો છે. ઝોન-1 એલસીબી અને પુણા પોલીસના સંયુક્ત દરોડામાં પિતા અને તેના બે પુત્ર પાસે ઈ-કોમર્સ પર ડુપ્લિકેટ સામાનનો મોટો ધંધો ઝડપાયો છે. પોલીસે 11.78 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પુણાગામની રંગ અવધૂત સોસાયટીના ગોડાઉનમાં મોટાપાયે ડુપ્લિકેટ કોસ્મેટિક ચીજવસ્તુઓનું ઉત્પાદન અને પેકિંગ થતું હોવાની ઝોન 1 એલસીબી અને પુણા પોલીસને સંયુક્ત બાતમી મળતાં 14 ઓક્ટોબરે દરોડો પાડ્યો હતો. દરોડામાં રૂ.11.78 લાખની કિંમતના ક્રિમ, શેમ્પૂ, હેર ઓઈલ સહિતનો ડુપ્લિકેટ કોસ્મેટિકનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, વેપારમાં ઉપયોગમાં લેવાતા રૂ.25,000ના કમ્પ્યુટર અને પ્રિન્ટર પણ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસે બાબુભાઈ ઉકાભાઈ ચૌહાણ (ઉં.વ.54) અને તેમના પુત્રો નિરલ બાબુભાઈ ચૌહાણ (ઉં.વ.27) અને સિદ્ધાર્થ બાબુભાઈ ચૌહાણની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પરિવાર છેલ્લા 15 મહિનાથી ડુપ્લિકેટ કોસ્મેટિકને ઈ-કોમર્સ વેબસાઈટ્સ જેમ કે એમેઝોન, ફ્લિપકાર્ટ અને મિશો પર વેચી લોકો સાથે છેતરપિંડી કરી રહ્યો હતો. આરોપીઓ કોસ્મેટિકના રો-મટીરીયલને સસ્તામાં ખરીદીને અલગ-અલગ કંપનીના નામવાળા સ્ટીકરો લગાવી નાની-મોટી બોટલોમાં ભરી વધુ કિંમતે વેચતા હતા. ઉદાહરણ તરીકે, રૂ.10ની વસ્તુ રૂ.200 સુધીમાં વેચાતી હતી. પોલીસે જણાવ્યું છે કે વધુ તપાસમાં આ પરિવાર દ્વારા ચાલતા અન્ય ગોડાઉન અને ડિલિવરી ચેનલની વિગતો એકત્ર કરવામાં આવી રહી છે.

ઠગબાજ પિતા-પુત્રોના સપ્લાય ચેનલ અને નેટવર્ક ભેદવા પોલીસની કસરત

પોલીસની તપાસમાં ખૂલ્યું છે કે પિતા અને તેના બે પુત્ર બહારથી લાવેલા કોસ્મેટિક રો-મટિરિયલને નાની-મોટી પ્લાસ્ટિકની બોટલોમાં ભરી, તેના પર જાણીતી કંપનીઓના નકલી સ્ટિકરો લગાવી વેચાણ કરતા હતા. આ ડુપ્લિકેટ માલને ઓનલાઇન પ્લેટફોર્મ પર અસલી કિંમતે વેચીને ગ્રાહકો સાથે છેતરપિંડી કરવામાં આવતી હતી. ઝોન-1 એલસીબી અને પુણા પોલીસે ત્રણેય આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. તપાસમાં જાણવા મળ્યું કે તેઓ વર્ષો સુધી આવો ધંધો ચલાવતા રહ્યા હતા અને તેમની સપ્લાય ચેનલ અને નેટવર્ક વિશે વધુ વિગતો પોલીસ એકત્ર કરી રહી છે. પોલીસે આ નેટવર્કમાં અન્ય કોણ-કોણ સામેલ છે અને ક્યાં-ક્યાં આ માલનું વિતરણ કરતા હતા તેની તપાસ શરૂ કરી છે.

સવજી કોરાટ બ્રિજ નીચેથી વોચમેનનો મૃતદેહ મળ્યો

સુરત: સવજી કોરાટ બ્રિજ નીચેથી તાપી નદીના કિનારેથી વોચમેનનો મૃતદેહ મળી આવ્યો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલમાં સરથાણા ભગવાન નગર નજીક આવેલા વિકાસ શોપર્સ નામની બિલ્ડિંગના પાર્કિંગમાં રહેતા 40 વર્ષીય સુહાશ પુજાભાઈ તાબડે તે જ બિલ્ડિંગમાં વોચમેન તરીકે નોકરી કરતા હતા. સોમવારે રાત્રે સવજી કોરાટ બ્રિજ નીચેથી તાપી નદીના કિનારેથી સુભાષભાઈની લાશ મળી આવી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે સુહાશભાઇ છેલ્લા ઘણા વર્ષોથી માનસિક બીમારીથી પીડાતા હતા અને તેની દવા પણ ચાલુ હતી. જેથી સુહાશભાઇએ માનસિક બીમારીથી કંટાળી આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. હાલ તો પોલીસે મોતનો ગુનો નોંધી મૃતદેહનો કબજો લઈ મોતના કારણે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

'અગલી બાર મેરે લડકે કે સાથ ઝઘડા કીયા તો તેરે કો ખતમ કર દુંગા'

લિંબાયતમાં ધો.11ના વિદ્યાર્થીને માથામાં સળિયાના ઘા ઝીંકાયા

સ્કૂલેથી મિત્ર સાથે ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે એક યુવકને ધક્કો લાગતા વાત વણસી, 7 ટાંકા સાથે હોસ્પિટલમાં

સુરત: લિંબાયતમાં સામાન્ય ધક્કામુક્કી બાદ ધોરણ 11ના વિદ્યાર્થી પર સળિયાથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીને માથામાં સાત ટાંકા આવ્યા છે. માત્ર વિદ્યાર્થી જ નહીં, પરંતુ તેના પિતાને પણ હુમલાખોર પક્ષે માર માર્યો અને ધમકી આપી હતી.

લિંબાયત રહેતા વ્યક્તિએ લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમનો 16 વર્ષીય દીકરો માઉન્ટ મેરી મિશન હાઈસ્કૂલમાં ધોરણ 11માં અભ્યાસ કરે છે. તા. 14 ઓક્ટોબરે શાળા છૂટ્યા બાદ તે પોતાના મિત્ર સાથે ઘરે જઈ રહ્યો હતો. રસ્તામાં મથુર ટ્રેઇલરની દુકાન પાસે મિત્રનો ધક્કો તેના દીકરાને લાગ્યો અને તે બાજુમાં ચાલતા અકબર (નામ બદલેલ) નામના યુવક પર પડી ગયો. આ સામાન્ય ઘટનાને કારણે અકબરે વિદ્યાર્થીને ગંદી ગાળો આપવાનું શરૂ કર્યું. બોલાચાલી બાદ વિદ્યાર્થી આગળ ચાલવા લાગ્યો, પરંતુ મારુતિનગર સર્કલ નજીક નવદુર્ગા ઝેરોક્ષ ગલી પાસે અકબર ત્યાં ધસી આવ્યો અને વિદ્યાર્થીના માથામાં સળિયાનો ઘા ઝીંકી દીધો હતો. વિદ્યાર્થી લોહીલુહાણ થઈ ગયો હતો. એ દરમિયાન અકબરનો મિત્ર પણ ત્યાં આવી પહોંચ્યો અને માર માર્યો હતો. ઘટનાની જાણ થતા વિદ્યાર્થીના પિતા સ્થળ પર પહોંચ્યા હતા. અકબરના કાકા અને પિતા પણ ત્યાં આવી પહોંચ્યા. અકબરના પિતાએ ઉશ્કેરાઈને ગાળો આપીને વિદ્યાર્થીના પિતાને પણ મુક્કા વડે માર માર્યો હતો. ઇજાગ્રસ્ત વિદ્યાર્થીને 108 એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, ઘટનાની ફરિયાદ બાદ લિંબાયત પોલીસે અકબર, તેના પિતા, કાકા અને મિત્ર સામે ગુનો નોંધ્યો છે. આરોપીઓ હાલ ફરાર છે અને પોલીસે તેમને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સ્વચ્છ સુરતમાં ડેન્ગ્યુ- મલેરિયામાં બે મહિલાના મોત

સુરત: મૂળ બિહારનો અને હાલમાં ડીંડોલી ખરવાસા રોડ પર એન્થમસિટીમાં રહેતા 57 વર્ષીય લક્ષ્મીદેવી મુનેશ્વર શાહુને ગયા ગુરૂવારથી તાવ આવતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. રિપોર્ટ કરાવતા મલેરિયા હોવાનું નિદાન થયું હતું.

સોમવારે બપોરે તબિયત વધુ લથડતા તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. જ્યારે બીજા બનાવમાં મૂળ બિહારના અને હાલમાં પાંડેસરામાં કર્મયોગી સોસાયટી વિભાગ-2 માં રહેતી 34 વર્ષીય પૂનમદેવીને તાવ આવતા રિપોર્ટ કરાવતા ડેન્ગ્યુ હોવાનું નિદાન થયું હતું. દરમિયાન મંગળવારે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી.

પતિ સાથે છૂટાછેડા કરાવી હવસ સંતોષી મહિલાને તરછોડી દીધી

સુરત: પરવટ પાટિયા રોડ પર આવેલી સીતારામ સોસાયટીમાં રહેતા રત્નકલાકાર પરેશ નાથાભાઈ ઝીંઝાળાની ઓળખ વર્ષ 2022માં પુણાગામ વિસ્તારમાં રહેતી એક પરિણીતાની સાથે થઈ હતી. આરોપીએ પરિણીતાને પતિથી છૂટાછેડા લેવા અને પોતાની સાથે લગ્ન કરવાની લાલચ આપી હતી. પરિણીતાએ આરોપીના વચનોમાં આવીને તેના સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ સંબંધ વર્ષ 2022 થી લઈને 13 ઓક્ટોબર 2025 સુધી ચાલ્યો હતો. પરંતુ બાદમાં પરેશ ઝીંઝાળાએ અચાનક પરિણીતાથી અંતર રાખવાનું શરૂ કર્યું અને સંબંધ તોડી નાખ્યા હતા. પરિણીતાએ ધમકી આપી ત્યારે આરોપી પરેશે તેની સાથેના શારીરિક સંબંધોના ફોટા વાયરલ કરવાની અને તેને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. પરિણીતાએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કાર તથા ધમકી મુજબ ગુનો નોંધી આરોપી પરેશ નાથાભાઈ ઝીંઝાળાને અટકાયતમાં લઈ તેની પ્રાથમિક પૂછપરછ શરૂ કરી છે.

સ્નેચર્સની હિંમત બેવડાઈ, યુવાનની ચેઈન તોડી ફરાર

સુરત: ગત 16 સપ્ટેમ્બરના રોજ અડાજણના પાલ વિસ્તારમાં સુમેરુ બિઝનેસ કોર્નરની બાજુમાં બ્લૂ લાઈફ બિલ્ડિંગ પાસે એક દંપતી રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં વોકિંગ માટે નીકળ્યું હતું. નિશાસ સર્કલ નજીક રહેતા જીગરભાઈ વિનોદભાઈ વોરા અને તેમની પત્ની ડિમ્પલબેન ચાલતા હતા ત્યારે બાઈક સવાર બે અજાણ્યા ચોર આવ્યા હતા. પાછળ બેસેલા સ્નેચરે જીગરભાઈના ગળામાંથી રૂ.૧.૧૦ લાખની કિંમતની સોનાની ચેઈન તોડી હતી અને સ્નેચર્સ બાઈક પુરપાટ ઝડપે હંકારી ફરાર થઈ ગયા. જીગરભાઈએ અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સ્નેચિંગનો ગુનો નોંધ્યો છે અને સીસીટીવી ફૂટેજ એકત્રિત કરી, આસપાસના દુકાનદારો અને સ્થાનિકો પાસેથી માહિતી મેળવી તપાસ આગળ વધારી રહી છે.

ચૌટાબજારની ભીડમાં મહિલાના 28 હજાર ચોરાયા

ખજોદની મહિલા ભાભી સાથે ખરીદી કરી રસ પીવા ઉભી રહી તે વખતે કોઈ ચોરટો થેલીમાંથી રોકડ, સોનાની ચેઈન સેરવી ગયો

સુરત: ખજોદની એક મહિલા દિવાળીની ખરીદી દરમિયાન ચૌટાબજારમાં ચોરીનો શિકાર બન્યા છે. ભીડનો લાભ લઈ અજાણ્યા ઈસમે મહિલાની થેલીમાંથી રોકડા રૂપિયા અને સોનાની ચેઈન ચોરી લીધી હતી.

ખજોદ ગામે ડ્રીમ સિટી નજીક નવો મહોલ્લામાં પરિવાર સાથે રહેતા 46 વર્ષીય રમીલાબેન ભરતભાઈ પટેલ 13મી ઓક્ટોબરે બપોરના બેથી ત્રણ વાગ્યાના સમય દરમિયાન પોતાના ભાભી સાથે ચૌટાબજાર ખાતે દિવાળીની ખરીદી કરવા ગઈ હતી. ખરીદી પૂરી કર્યા બાદ બંને મોટામંદિર નજીક લારી પર શેરડીનો રસ પીવા ઊભા હતા. તે દરમિયાન ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યો ઈસમ રમીલાબેનની નજર ચૂકવી તેમની થેલીમાંથી રોકડા રૂપિયા 8,000 તથા બે તોલાની સોનાની ચેઈન, જેની કિંમત આશરે રૂપિયા 20,000 થાય છે, એમ કુલ રૂપિયા 28,000ની મતાની ચોરી કરી રફુચક્કર થઈ ગયો હતો.

રમીલાબેનને ચોરીની જાણ થતાં જ તેમણે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ઘટના સ્થળ નજીકના CCTV ફૂટેજ મેળવવાની કામગીરી હાથ ધરાઈ છે, જેથી આરોપીની ઓળખ કરી શકાય. ચૌટાબજાર વિસ્તાર હંમેશાં ભીડભરેલો રહેતા તહેવારના દિવસોમાં ચોરીના આવા વધતા બનાવોને ધ્યાનમાં રાખી પોલીસે સતર્કતા વધારી છે. તહેવારના દિવસે થયેલી આ ચોરીની ઘટનાએ વેપારીઓ અને ગ્રાહકો બંનેમાં ચિંતાનો માહોલ સર્જ્યો છે.

અષ્ટ ગામ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા

સુરતમાં કર્મકાંડ, રસોઈકામ કરતાં બ્રાહ્મણોનું સન્માન

મુળ લુણાવાડાથી આવીને સુરતમાં વસતાં 250 બ્રાહ્મણોની સરાહના કરાઈ

સમારોહમાં રાજ્યભરના બ્રાહ્મણ આગેવાનો હાજર રહ્યા, ડ્રેસકોડ પણ રખાયો

સમાજના સંગઠનની રચના મારા પિતાએ 26 વર્ષ પહેલા કરી હતી: અશ્વિન પંડ્યા

અષ્ટ ગામ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના પ્રમુખ અશ્વિનભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, આશરે 125 વર્ષ પહેલા મારા દાદા મગનલાલ રણછોડભાઈ પંડ્યા લુણાવાડાથી સુરત આવ્યા હતા અને જયંતીલાલ આનંદરામની પેઢીએ જોડાયા હતા. મગનલાલ રણછોડ બાદ મારા પિતા પુરૂષોત્તમદાસ પંડ્યા કેટરિંગનું કામ કરતાં હતાં અને હાલમાં હું ત્રીજી પેઢીએ કેટરિંગનું કામ કરી રહ્યો છું. અમારા સમાજના સંગઠનની રચના પિતા પુરૂષોત્તમદાસ પંડ્યા દ્વારા 36 વર્ષ પહેલા કરવામાં આવી હતી. લુણાવાડાથી હાલમાં 1500 જેટલા રસોઈયા ભાઈઓ સુરત આવીને પોતાનો વ્યવસાય કરી રહ્યા છે ત્યારે આ તમામને જોડવા માટે સમાજનું સંગઠન મજબુત બનાવવા માટે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના કારોબારી સમિતીના સભ્યોએ જણાવ્યું હતું કે, અમે લુણાવાડામાં રહેતા અમારા સમાજના ભાઈઓને પણ અપીલ કરીએ છીએ કે તેઓ લુણાવાડાથી સુરત આવીને વ્યવસાયમાં જોડાય.

મારા દાદાએ સુભાષચંદ્ર બોઝ માટે રસોઈ કરી હતી, મેં નરેન્દ્ર મોદી માટે કરી હતી

અશ્વિનભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, જ્યારે હરિપુરામાં કોંગ્રેસનું અધિવેશન ભરાયું હતું ત્યારે મારા દાદા મગનલાલ રણછોડભાઈ પંડ્યાએ તે સમયે સુભાષચંદ્ર બોઝ તેમજ અન્યો માટે રસોઈ બનાવી હતી. જ્યારે સુરતમાં જ્યારે પણ નરેન્દ્ર મોદી આવે ત્યારે તેમના માટે હું જ રસોઈ બનાવું છે. અમારી રસોઈનો સુરતી ટેસ્ટ સુભાષચંદ્ર બોઝથી લઈને નરેન્દ્ર મોદી સુધી જળવાયેલો છે. આ ઉપરાંત રિલાયન્સ, એસ્સાર કંપનીનું ઉદ્ઘાટનથી માંડીને સુરતમાં માર્કેટોના ઉદ્ઘાટન અને અંબાણી પરિવાર માટે પણ અમે જ રસોઈ બનાવી છે.

સુરત: મુળ મધ્ય ગુજરાતના લુણાવાડાથી 125 વર્ષ પહેલા સુરતમાં આવીને કર્મકાંડ અને રસોઈના કામમાં જોડાયા બાદ સુરતનું અભિન્ન અંગ બની ગયેલા અષ્ટગામ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ, સુરત દ્વારા ગત તા.10મી ઓક્ટો.ના રોજ સવારે 10 કલાકે જહાંગીરપુરા સ્થિત જહાંગીરપુરા કોમ્યુનિટી હોલ ખાતે બ્રહ્મ-કર્મ-પાક સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં સમાજના 250 જેટલા કર્મકાંડી, રસોઈયાનું સાંવેદિક સ્નેહ સ્સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહ સમાજના સભ્યોનું સંગઠન વધુ મજબુત બનાવવા માટે યોજવામાં આવ્યો હતો. સમારોહમાં ભાઈઓએ પિતાંબર, ધોતી, અબોટીયું અને ઝભ્ભો તેમજ મહિલાઓ માટે રેડ કે મરૂન સાડીનો ડ્રેસકોડ પણ રાખવામાં આવ્યો હતો. સમારોહમાં ઉદ્ઘોષક તરીકે હિતેશકુમાર પંડ્યાએ જવાબદારી નિભાવી હતી.

સમારોહમાં અધ્યક્ષ તરીકે સમસ્ત બ્રહ્મ સમાજના ગુજરાતના પ્રમુખ શૈલેષ ઠાકર, અતિથી વિશેષ તરીકે બ્રહ્મ અગ્રણી અનિલ વેદાણી, પ્રેરક વક્તા તરીકે ડો. દિપકભાઈ રાજ્યગુરૂ અને મહેમાનોમાં સમાજના અગ્રણી સોમેશ્વર ત્રિવેદી, અન્નપૂર્ણા ટ્રસ્ટના નિતીનભાઈ મહેતા, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મહામંત્રી ગીરીશભાઈ ત્રિવેદી, પ્રદેશ સંગઠન મંત્રી કિરીટભાઈ પંડ્યા, અષ્ટ ગામ ત્રિવેદી બ્રાહ્મણ સમાજના પ્રમુખ બાલુભાઈ જોષી, અષ્ટ ગામ ત્રિવેદી મેવાડા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો. વસંતભાઈ જોષી, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઝોન પ્રમુખ અશોકભાઈ જોષી, સમસ્ત બ્રહ્મ સમાજના મહિસાગર જિલ્લાના પ્રમુખ રાકેશભાઈ પંડ્યા, મહામંત્રી રાજેન્દ્રકુમાર જોષી, યુવા પ્રમુખ પ્રિયાંકભાઈ પંડ્યા, મંત્રી અનિલભાઈ પંડ્યા, કલેશ્વરી વિભાગ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ વિકાસ ટ્રસ્ટના દક્ષિણ ગુજરાતના પ્રમુખ રાકેશભાઈ પંડ્યા, અષ્ટગામ ત્રિવેદી બ્રાહ્મણ સમાજના મંત્રી નરેન્દ્રભાઈ જોષી, અષ્ટ ગામ ત્રિવેદી મેવાડા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટના મંત્રી દિનેશભાઈ પંડ્યા તેમજ યુવા પ્રમુખ હિતેશકુમાર પંડ્યા હાજર રહ્યા હતા.

સમય સાથે ઢળશો તો સફળતા: ગોવિંદભાઇ

SVNITના ૨૧મા પદવીદાન સમારોહમાં ૨૬૭૯ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત

સુરત: ઈચ્છાનાથ સ્થિત સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SVNIT) ખાતે મંગળવારે યોજાયેલા ૨૧મા પદવીદાન સમારોહમાં પ્રેરણાનો અવિસ્મરણીય પ્રવાહ વહ્યો હતો. બે સત્રમાં યોજાયેલા આ સમારોહમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના ૧૩૩૪ તથા ૨૦૨૪-૨૫ના ૧૩૪૫ મળી કુલ ૨૬૭૯ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

મુખ્ય અતિથિ તરીકે હાજર રહેલા રાજ્યસભાના સભ્ય ગોવિંદ ધોળકિયાએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં કહ્યું કે, જીવન હંમેશાં આપણા મન મુજબ ચાલતું નથી, પરંતુ સમય સાથે વહે છે. સાચી બુદ્ધિ એ સમય સાથે પોતાને ઢાળવાની કળામાં છે. તેમણે વિદ્યાર્થીઓને યાદ અપાવ્યું કે ડિગ્રી અંત નથી, શરૂઆત છે. આ સંસ્થા માત્ર એક શિલ્પશાળા છે, જ્યાંથી જીવનના સાચા યુદ્ધ માટે તપસ્યા શરૂ થાય છે. વિદ્યાર્થીઓને સંદેશ આપતા કહ્યું કે, દરેક કાર્યમાં ૨૦ ટકા વધારે પ્રયત્ન કરો, કારણ કે સતત સમર્પણથી જ અપરાજેય પ્રગતિ મળે છે.

સમારોહમાં મહેમાન તરીકે હાજર રહેલા માયક્રોન ટેક્નોલોજીના ડિરેક્ટર આનંદ રામામૂર્તિએ જણાવ્યું કે, આ દિવસ માત્ર સિદ્ધિનો ઉત્સવ નથી, પરંતુ શિક્ષણ પરના વિશ્વાસનો ઉત્સવ છે. આ વિશ્વાસ જ આપણને જોડે છે અને ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં નવી આશાઓ જગાવે છે."

ભેસ્તાનના બ્રેઈનડેડ વૃદ્ધે એકને નવજીવન આપ્યું

ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા વધુ એક સફળ અંગદાન

સુરત: ભેસ્તાનના વૃદ્ધને લકવાનો હુમલો થતા સારવાર માટે પરિવારજનોએ તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં અલગ અલગ રિપોર્ટ કર્યા બાદ વૃદ્ધના નાના મગજની લોહીની નસોમાં બ્લોકેજ હોવાનું નિદાન થતાં બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. હોસ્પિટલ દ્વારા આ અંગેની જાણ ડોનેટ લાઈફ સંસ્થાને કરાતા તેઓએ હોસ્પિટલ પહોંચી વૃદ્ધના પરિવારની સંમતિ મેળવી વૃદ્ધની કિડની અમદાવાદ ખાતે એક દર્દીના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરી તેમને નવું જીવન આપ્યું છે.

મળતી માહિતી મુજબ ભેસ્તાનમાં બાલ કૃષ્ણ રો હાઉસ ખાતે 66 વર્ષીય રામગોપાલભાઈ તોતારામભાઈ ભારદ્વાજ પરિવાર સાથે રહેતા હતા. 11મી ઓક્ટોબરે રામગોપાલભાઈ ને અચાનક લકવાનો હુમલો થયો હતો. જેથી પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં અલગ અલગ રિપોર્ટ કઢાવ્યા બાદ તેમના નાના મગજની લોહીની નસોમાં બ્લોકેજ હોવાનું નિદાન થયું હતું. જેથી તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. જેથી હોસ્પિટલ દ્વારા ડોનેટ લાઈફ સંસ્થાને રામગોપાલભાઈ